માલિક, મુદ્રક, પ્રકાશક : ગોંડલીયા વર્ષાબેન જયસુખભાઈ, તંત્રી : ગોંડલીયા પૂજાબેન જયસુખભાઈ ● VOLUME-15 ● ISSUE - 20 ● તા.૨૦-૦૮-૨૦૨૫, ગુરૂવાર ● પાના : ૪ ● કિંમત : બે રૂપિયા

સમસ્યા આપની સંઘર્ષ અમારો

અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ગાંધીધામ પહોંચતુ એક માત્ર સાપ્તાહિક...

લોક ભાસ્કર

ન્યાય ક્ષેત્ર અમદાવાદ રહેશે

રજી.કાર્યાલય: HO.-B - 5,જ્યોતિધામ રેસીડેન્સીયલ,શીંગરવા,અમદાવાદ - ૩૮૨૪૩૦ (ગુજરાત) RNI No. GUJGUJ/2012/43047 મો.૯૭૨૫૧ ૭૦૮૦૦, ૯૮૨૫૨ ૧૩૦૨૬



હોટલમાં ભીષણ આગ લાગતા ૯ લોકોના કરુણ મોત, ૬ ઘાયલ

મિર્ઝા ગાલિબ સ્ટ્રીટ પર ૫ માળની ઇમારતમાં સર્જાઈ મોટી દુર્ઘટના; મૃતકોમાં બાંગ્લાદેશી નાગરિકોનો પણ સમાવેશ, ફાયર વિભાગે ૮૦ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા : આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાની પ્રાથમિક આશંકા; બિલ્ડિંગ મેનેજમેન્ટ દ્વારા સુરક્ષા નિયમોનો ભંગ થયો હોવાનો મંત્રીનો ખુલાસો.

કોલકાતા : એક હોટલમાં વહેલી સવારે લાગેલી ભીષણ આગમાં નવ લોકોના મોત થયા છે અને છ ઘાયલ થયા છે. ફાયર ફાઇટરોએ આગ ઓલવી નાખી છે. બચાવ કામગીરી ચાલી રહી છે અને કારણની તપાસ ચાલી રહી છે. નોંધપાત્ર વાત એ છે કે, પશ્ચિમ બંગાળ ફાયર વિભાગનું મુખ્ય મથક હોટલની નજીક આવેલું છે.

કોલકાતામાં બુધવારે વહેલી સવારે પાંચ માળની એક ઇમારતમાં ભીષણ આગ લાગવાથી ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા છે. મૃતકોમાં ચાર વર્ષનો બાળક પણ સામેલ છે. આ દુર્ઘટનામાં છ લોકો ઘાયલ થયા છે. આ ઇમારત મધ્ય કોલકાતાના મિર્ઝા ગાલિબ સ્ટ્રીટ પર આવેલી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આગ લગભગ ૧:૪૫ વાગ્યે લાગી હતી. માહિતી મળતા જ પાંચ ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગની ટીમોએ



રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇમારતમાંથી લગભગ ૮૦ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.મૃતકોમાં બાંગ્લાદેશીઓ પણ સામેલ: મંત્રી પશ્ચિમ બંગાળના મંત્રી કૌશિક ચૌધરીએ જણાવ્યું હતું કે મૃતકોની હજુ સુધી ઓળખ થઈ નથી. તેમણે કહ્યું કે મૃતકોમાં ભારતીયો તેમજ બાંગ્લાદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. સ્થળની મુલાકાત લીધા પછી તેમણે કહ્યું કે ઇમારત ખૂબ જ ખરાબ હાલતમાં હતી અને તેમાં ઘણી હોટલો હતી.

આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાની આશંકા આગનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે, ફોરેન્સિક તપાસ બાદ જ ચોક્કસ કારણ જાણી શકાશે. મંત્રીએ જણાવ્યું હતું કે બિલ્ડિંગનું મેનેજમેન્ટ જરૂરી સલામતી અને બાંધકામ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ હોવાનું સામે આવ્યું છે. હોટલના સંચાલનમાં પણ અનેક અનિયમિતતાઓ સામે આવી છે.

મૃત્યુઆંક વધી શકે: પોલીસ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે હોટલમાં ધૂમાડો હોવાથી ફાયર ફાઇટર્સને સીડી દ્વારા ઉપરના માળ સુધી પહોંચવામાં મુશ્કેલી પડી હતી. મૃત્યુઆંક વધવાની ધારણા છે. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ફાયર ફાઇટરોએ આગ પર કાબુ મેળવ્યો છે.

NEET પેપર લીક વિવાદ: કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સમજાવી પ્રશ્નપત્રની 'ફૂલપ્રૂફ' પ્રક્રિયા

પ્રશ્નપત્ર તૈયાર કરવાથી લઈને ડિજિટલ લોક અને CISFની કડક સુરક્ષા હેઠળ પ્રિન્ટિંગ પ્રેસ સુધી પહોંચાડવાની જટિલ પ્રક્રિયા સોલિસિટર જનરલે કોર્ટમાં સમજાવી



નવી દિલ્હી : કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે NEET-UG પરીક્ષા પ્રણાલી સંપૂર્ણપણે 'ફૂલ પ્રૂફ' છે, પણ માનવીય હસ્તક્ષેપ રહે છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પ્રશ્નપત્ર બનાવવાથી માંડીને પ્રિન્ટિંગ પ્રેસ સુધીની જટિલ પ્રક્રિયા સમજાવી. ૫૦૦ પ્રશ્નોમાંથી ૪ પેપર બને છે, જેમાંથી NTAના DG ૨ પસંદ કરે છે. સીલબંધ પેપર ૨ પ્રેસમાં CISF સુરક્ષા હેઠળ જાય છે અને ગુમ કોડથી ખુલે છે. વિદ્યાર્થીઓ રસ્તા પર રઝળ્યા ને સરકાર કહે છે 'સિસ્ટમ ફૂલપ્રૂફ'! પેપરલીક વિવાદ પર સુપ્રીમ કોર્ટમાં ગુલબાંગો કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટતા કરી છે કે દેશમાં નીટ-યુજી (NEET-UG) પરીક્ષા યોજવા માટે હાલમાં જે સિસ્ટમ કાર્યરત છે તે સંપૂર્ણપણે 'ફૂલ પ્રૂફ' એટલે કે સુરક્ષિત છે. જોકે, સરકારે સ્વીકાર્યું હતું કે આ આખી પ્રક્રિયા દરમિયાન કોઈને કોઈ તબક્કે માનવીય હસ્તક્ષેપ તો રહે જ છે. સરકાર વતી રજૂઆત કરતાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટ સમક્ષ પ્રશ્નપત્ર તૈયાર કરવાથી લઈને તેને પ્રિન્ટિંગ પ્રેસ સુધી પહોંચાડવાની જટિલ પ્રક્રિયાની વિગતવાર માહિતી આપી હતી. પ્રશ્નપત્ર તૈયાર કરવાની તબક્કાવાર પ્રક્રિયા તુષાર મહેતાએ ૧૦૦ પ્રશ્નો ધરાવતા ફિઝિક્સના પેપરનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, સૌથી પહેલા મોડરેટર્સના વિવિધ ગ્રુપ ભેગા મળીને ૫૦૦ પ્રશ્નોની એક ક્વેશ્ચન બેંક તૈયાર કરે છે. ત્યારબાદ અન્ય મોડરેટર્સ આ બેંકમાંથી ૧૦૦-૧૦૦ પ્રશ્નો પસંદ કરીને અલગ-અલગ ૪ પ્રશ્નપત્ર તૈયાર કરે છે. આ ૪ પેપરમાંથી નેશનલ ટેસ્ટિંગ એજન્સીા ડાયરેક્ટર જનરલ કોઈપણ ૨ પેપરની આખરી પસંદગી કરે છે.

ડિજિટલ લોક અને પ્રિન્ટિંગ પ્રેસની આકરી સુરક્ષા 'મનીષ સિસોદિયા પર કોઈ આરોપ નથી લગાવ્યાં..' કોર્ટમાં CBIના દાવા સામે કેજરીવાલનો ઘટસ્ફોટ સંદ કરાયેલા પેપરોને સીસીટીવી કેમેરા અને સીઆઈએસએફની કડક સુરક્ષા વચ્ચે સીલબંધ બોક્સમાં બે અલગ-અલગ પ્રિન્ટિંગ પ્રેસમાં મોકલવામાં આવે છે. આ બોક્સના ઈન્ચાર્જ પાસે ડિજિટલ ચાવી હોય છે. પ્રિન્ટિંગ પ્રેસના માલિક એનટીએના ડીજી સાથે સંપર્ક કરીને ગુમ કોડ મેળવે તે પછી જ આ બોક્સ ખોલી શકાય છે. એકવાર બોક્સ ખુલી જાય તે પછી કોઈપણ બહારની વ્યક્તિને પ્રેસની અંદર પ્રવેશવા દેવામાં આવતી નથી અને આખી પ્રક્રિયાનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવે છે. સીલબંધ કવરમાં ઓએમઆર શીટ અને ગુમતા સોલિસિટર જનરલે કહ્યું હતું કે, પ્રિન્ટિંગ પ્રેસમાં કામ કરતી વ્યક્તિને પણ એ વાતની જાણ હોતી નથી કે કયા પ્રશ્નપત્રો કયા પરીક્ષા કેન્દ્ર પર મોકલવામાં આવશે. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે, પ્રશ્નપત્ર અને ઓએમઆર (OMR) શીટને અત્યંત સુરક્ષિત સીલબંધ કવરમાં રાખવામાં આવે છે, જેને માત્ર પરીક્ષા ખંડમાં સીલ તોડીને જ ખોલી શકાય છે.

ભાવનગરમાં લઠ્ઠાકાંડ? નકલી દારૂ પીવાથી ૪ લોકોના મોત, ૨૦થી વધુ સારવાર હેઠળ

ભાવનગર : શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નકલી ઈંગ્લિશ દારૂ પીવાના કારણે સર્જાયેલા કથિત લઠ્ઠાકાંડમાં ૪ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૨૦થી વધુ લોકોની હાલત ગંભીર બનતાં તેઓને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક પોલીસ દ્વારા શરૂઆતમાં સમગ્ર મામલો દબાવવાનો પ્રયાસ થતાં ગૃહ વિભાગે તાત્કાલિક સ્ટેટ મોનિટરિંગ સેલને તપાસ સોંપી છે.

દારૂ પાર્ટી બાદ લથડી તબિયત: ઘોઘા તાલુકાના ખરકડી ગામમાં ૧૬ ઓગસ્ટે ૭ મિત્રોએ દારૂની પાર્ટી કરી હતી, જે બાદ તેમની તબિયત લથડતાં હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. અસરગ્રસ્ત વિસ્તાર: ભરતનગર, અકવાડા, તળાજા રોડ, ખાટડી, ખરકડી, નાના ખોખરા અને દેવગાણા ગામોના લોકો આ નકલી દારૂની ઝપેટમાં આવ્યા છે. ઘણા લોકો સારવાર હેઠળ: SDM અક્ષર વ્યાસના જણાવ્યા અનુસાર, હાલ ૨૦ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં ભાવનગર સિવિલ હોસ્પિટલમાં ૧૨, આરોગ્યમમાં ૫, વેદ ICUમાં ૨ અને બિમ્સમાં ૧ દર્દી સારવાર લઈ રહ્યા છે. મધ્યપ્રદેશથી મંગાવાયો હતો જથ્થો: પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે મધ્યપ્રદેશના ઉજ્જૈનથી 'રોયલ સ્ટેગ' બ્રાન્ડની ડુપ્લિકેટ ૨૮ પેટી દારૂ મંગાવવામાં આવી હતી. જેમાંથી ૧૫ પેટી જપ્ત કરાઈ છે, જ્યારે બાકીની ૧૩ પેટીઓ શોધવા પોલીસે તપાસ તેજ કરી છે. સુરત સુધી કનેક્શન: આ નકલી દારૂનો જથ્થો સુરતમાં પણ સપ્લાય થયો હોવાની વિગતો સામે આવતા ચકચાર મચી છે. પોલીસ કાર્યવાહી: આ મામલે પોલીસે ડુપ્લિકેટ દારૂનું વેચાણ કરતા ૪ બુટલેગરોની અટકાયત કરી છે. ર્ષ સંઘવીએ મીટિંગ કરી પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી ગૃહમંત્રીએ મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ પર ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. ત્યારબાદ SP મયુરસિંહ ચાવડા તાત્કાલિક ભાવનગર પહોંચ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હોસ્પિટલોમાં ડેડિકેટેડ મેડિકલ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે અને કોઈએ પણ આ દારૂનું સેવન કર્યું હોય તેઓ તાત્કાલિક નજીકના મેડિકલ સેન્ટરમાં સારવાર માટે પહોંચે તેવી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.



નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી કડકમાં કડક કાર્યવાહી કરવાની સૂચના આપી

ઉતરપ્રદેશમાં યોગી નહી ગુજરાત મોડેલ લાગુ કરવા ભાજપ મોવડીમંડળની તૈયારી

મોટા ચહેરાઓ અને રેલીઓ તથા ભાષણો ૨૦૨૪માં કામ લાગ્યા ન હતા: ગુજરાતની જેમ બુથ લેવલનું મેનેજમેન્ટ યુપીમાં તૈયાર કરાશે : જગદીશ પટેલને સહપ્રભારી બનાવવા પાછળ મોટો વ્યુહ: વિનોદ તાવડે ચુંટણી નિષ્ણાંત ગણાય છે પણ બુથ સુધી પહોંચવામાં ગુજરાતી અનુભવ જ કામ લાગશે



નવી દિલ્હી : ભાજપના સંગઠનમાં થયેલા ફેરફાર અને નવા પ્રભારીઓની નિયુક્તિ બાદ ભાજપ ફરી એક વખત ગુજરાત મોડેલ એ હવે ઉતરપ્રદેશમાં લાગુ કરવા જઈ રહ્યા હોવાના સંકેત છે. આગામી વર્ષે ઉતરપ્રદેશ વિધાનસભાની ચુંટણીઓ યોજાવાની છે અને તે સમયે પ્રભારી તરીકે વિનોદ તાવડે ઉપરાંત ગુજરાતના જગદીશ પટેલને સહપ્રભારી બનાવાયા છે. શ્રી પટેલ ૨૦૨૪ની વારાણસીની ચુંટણી ટીમમાં સામેલ હતા અને ૨૦૨૨માં પણ ગુજરાતમાંથી ૧૨૫ કાર્યકર્તાઓ ઉતર પ્રદેશની ચુંટણીમાં માઈક્રો મેનેજમેન્ટમાં સામેલ થયા હતા અને તેથી માનવામાં આવે છે કે ગુજરાતમાં જે રીતે સતત ૩૦ વર્ષથી ભાજપ સતા પર છે અને વધુ મજબૂત બની રહ્યું છે તે થીયરીથી પુરા ઉતરપ્રદેશને ભાજપનો ગઢ બનાવવા તૈયારી છે. ખાસ કરીને ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં જે રીતે ભાજપને બેઠકોમાં મોટો ઘટાડો થયો તે પછી યોગી મોડેલ નહી પણ ગુજરાત મોડેલ જ ઉતરપ્રદેશમાં કામીયાબ નિવડશે તેવા સંકેત છે. સહપ્રભારી જગદીશ પટેલ માટે ઉતરપ્રદેશ કોઈ નવી ભૂમિ નથી અને સાથે વિનોદ તાવડે જેવા ચુંટણી નિષ્ણાંતની નિયુક્તિ પણ સંકેત આપે છે. અમરાઈવાડીના પુર્વ ધારાસભ્યને ભાજપે આ જવાબદારી સોંપી છે. ભૂતકાળમાં સુનિલ ઓઝાએ પણ સંગઠનાત્મક રીતે ઉતરપ્રદેશમાં કામ કર્યુ હતું. વિનોદ તાવડેને યુપીના પ્રભારી બનાવવાનું સૌથી મહત્વનું સાબીત થશે. ૨૦૨૪માં ભાજપને ૮૦માંથી ફક્ત ૩૩ બેઠકો મળી હતી.

૫ થી ૧૭ વર્ષનાં બાળકોનું આધાર અપડેટ ૩૦ સપ્ટેમ્બર સુધી મફત થશે

નવી દિલ્હી : બાળકોનાં આધારમાં જરૂરી બાયોમેટ્રિક અપડેટ કરાવવા માટે વાલીઓ પાસે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી મફત તક છે. UIDAIના જણાવ્યા અનુસાર, ૫ થી ૧૭ વર્ષ સુધીના બાળકો માટે અનિવાર્ય બાયોમેટ્રિક અપડેટ આ સમયગાળા દરમિયાન કોઈપણ શુલ્ક વિના કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત બાળકોનાં આધારમાં ઉંમર વધવાની સાથે જરૂરી બાયોમેટ્રિક માહિતી અપડેટ કરવામાં આવે છે. UIDAIએ અભિયાન અંતર્ગત દેશભરમાં ૧.૫૬ લાખ શાળાઓ સુધી પહોંચ બનાવી છે અને અત્યાર સુધીમાં ૨ કરોડથી વધુ બાળકોનું બાયોમેટ્રિક અપડેટ કરવામાં આવ્યું છે. વાલીઓ શાળાઓમાં લગાવવામાં આવી રહેલાં કેમ્પ દ્વારા આ પ્રક્રિયા કરાવી શકે છે. મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ આઈટીના જણાવ્યાં અનુસાર, બાળકની ૫ વર્ષ અને પછી ૧૭ વર્ષની ઉંમર પૂરી થવા પર આધારમાં બાયોમેટ્રિક અપડેટ કરાવવું જરૂરી હોય છે. નાની ઉંમરમાં બાળકોનાં બાયોમેટ્રિક પૂરી રીતે વિકસિત ન હોવાને કારણે બાદમાં આને અપડેટ કરવામાં આવે છે.

પેટ્રોલ-ડિઝલ સસ્તા થવાની આશા રાખતા નહીં: ગલ્ફ પ્રિમિયમ વધ્યુ : રશિયન ડિસ્કાઉન્ટ ગાયબ

અમેરિકા સહિતના દેશોમાંથી આયાત મોંઘી પડે છે: હોર્મુઝ બાદ રેડ-સી રૂટ પણ જોખમી બની ગયો

નવી દિલ્હી : જો તમો આગામી દિવસોમાં પેટ્રોલ-ડિઝલ-ગેસ સસ્તા થવાની આશા રાખતા હો તો તેમાં નિરાશા જ મળશે. એક તરફ ઈરાન-અમેરિકા યુદ્ધમાં કોઈ અંત નજરે નજીકમાં નથી તથા તેની ભારતની જે ક્રુડતેલ સપ્લાય લાઈન છે તે સતત ખોરવાતી રહે છે અને હોર્મુઝ જળમાર્ગ બંધ હોવાથી ગલ્ફના દેશોને પણ રેડ-સી સહિતના લાંબા માર્ગ ક્રુડતેલ મોકલવુ પડે છે. તેથી હવે ક્રુડતેલનું ગલ્ફ પ્રિમીયમ વધી ગયું છે તો બીજી તરફ રશિયા-યુક્રેન યુદ્ધમાં રશિયાની ઓઈલ રિફાઈનરી સહિત પર હુમલાથી આ દેશને પેટ્રોલ-ડિઝલ આયાત કરવા પડે તેવી સ્થિતિ છે તેથી રશિયા અત્યાર સુધી તેના ક્રુડતેલ પર જે ડિસ્કાઉન્ટ આપતુ હતું તે પણ બંધ થઈ ગયું છે તેનો કારણે વિશ્વબજારમાં ક્રુડતેલના ભાવ ૯૦ ડોલર પ્રતિ બેરલ કે તેથી વધુ રહ્યા છે તથા આગામી દિવસોમાં વધી શકે છે.આ કારણોથી ભારતીય રિફાઈનરીઓની પેટ્રોલ-ડિઝલ-ગેસ વિ.નો ઉત્પાદન ખર્ચ જે વૈશ્વિક સરેરાશનો માપદંડ છે તેનાથી વધવા લાગ્યા છે એટલે કે ઓઈલ કંપનીઓની અન્ડર રીકવરી વધી છે. ભારત વેનેઝુએલા પાસેથી પણ ક્રુડ તેલ ખરીદે છે પણ તેમાં પણ ભાવ ફર્ક હવે નહીવત રહ્યા છે.

હવે સરકાર લાવી એલપીજીની જગ્યાએ પીએનજી સ્કીમ : મળશે સસ્તો ગેસ, બુકીંગની ઝંઝટ નહીં

સસ્તો અને સુરક્ષિત ગેસ ઘેર-ઘેર પહોંચાડવાનો ઉદ્દેશ



નવીદિલ્હી : એલપીજી સિલિન્ડરને લઈને અનેક સમસ્યાઓ છે ત્યારે સરકાર હવે પીએનજીને લઈને નવી સ્કીમ લાવી છે. સરકારના જણાવ્યા મુજબ પીએનજીના અનેક ફાયદા છે, સસ્તો અને સાફ ગેસ મળશે. બુકીંગની ઝંઝટ પણ નહીં. ખરેખર તો દેશમાં ઘેર-ઘેર પીએનજી કનેકશન પહોંચાડવા માટે સરકાર નવી સ્કીમ લઈને આવી છે. ઘરોની રસોઈમાં 'મંગલ' માટે મંગળવારે આ સ્કીમને મંજૂરી આપી છે. આ સ્કીમ ૧૦-૧૧ દિવસ પછી એટલે કે ૧ સપ્ટેમ્બરથી લાગુ પડશે. આ ઈન્સેન્ટીવ સ્કીમ અંતર્ગત પ્રોત્સાહન રકમ ભલે જ પીએનજી ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓને મળે પણ તેનો ફાયદો સીધો આમ જનો સુધી પહોંચશે. આમ જનતાને દર મહિને ૨૦-૨૨ દિવસે એલપીજી સિલિન્ડર બુક કરાવવાની ઝંઝટમાંથી મુકિત મળશે. એલપીજીની તુલનામાં પીએનજી સસ્તો પણ હશે. કયારેય અચાનક ગેસ પૂરો થઈ જવાની સમસ્યા નહીં પેદા થાય. કનેકશન માટે આવેદનની રીત પણ સરળ થઈ જશે.

પેટ્રોલીયમ મંત્રાલયના અધિકારીઓ અનુસાર આ પ્રોત્સાહીત યોજનાનો સીધો ઉદેશ ઘરેલુ પીએનજી કનેકશનને પ્રોત્સાહન આપવાનો છે. સરકારની આ એક એવી પહેલ છે, જેનો ઉદેશ દેશભરના લોકોના ઘર સુધી સાફ, સુરક્ષિત અને સસ્તો પાઈપ વાળો કુકીંગ ગેસ પહોંચાડવાનો છે. હાલ દેશમાં ૧.૭૪ કરોડ ઘરેલુ પીએનજી કનેકશન છે, નવી યોજના સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન (સીજીડી) કંપનીઓને પ્રોત્સાહિત કરશે કે તેઓ બિલ વિનાના કનેકશનને પણ ચાલુ ગેસ કનેકશનમાં બદલે અને નવા વિસ્તારોમાં પીએનજી નેટવર્ક વધારે.

પટનામાં આરજેડીની 'રાજભવન માર્ચ' માં ધમાલ : બેરીકેડ તૂટ્યા- વોટરકેનનનો મારો

પટના : બિહારની રાજધાની પટનામાં વિપક્ષી પક્ષ આરજેડી દ્વારા યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન ભારે હોબાળો જોવા મળ્યો હતો. નેતા પ્રતિપક્ષ તેજસ્વી યાદવની આગેવાની હેઠળ ગાંધી મેદાનથી રાજભવન સુધી 'રાજભવન માર્ચ' યોજવામાં આવી હતી. રાજ્યમાં પેપર લીક, વધતી બેરોજગારી, ભરતી પ્રક્રિયામાં ગેરરીતિઓ અને વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓ પર કથિત રીતે એકે-૪૭થી ફાયરિંગ કરવાનાં ગંભીર આક્ષેપો સાથે આ આંદોલન કરવામાં આવ્યું હતું, જેના કારણે સમગ્ર શહેરમાં પોલીસ અને કાર્યકરો વચ્ચે મોટો હોબાળો થયો હતો. આ વિરોધ માર્ચ દરમિયાન સ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે પક્ષના કાર્યકરોએ ડાક બંગલા ચોક પાસે લગાવેલા પોલીસ બેરિકેડ્સ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો. પ્રદર્શનકારીઓને વિખેરવા અને સ્થિતિ કાબૂમાં લેવા માટે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. આ દરમિયાન વિરોધ કરી રહેલાં કાર્યકરો અને પોલીસ વચ્ચે ઉગ્ર ઘર્ષણ પણ જોવા મળ્યું હતું. સરકાર સામે આકરા પ્રહારો કરતા તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે જનતા હવે પોતાનાં અધિકારો માટે રસ્તા પર ઉતરી આવી છે અને સરકારે તેમની માંગણીઓ સામે ઝૂકવું જ પડશે. ર્ચ આગળ વધતાં જ પોલીસે કાર્યવાહી કરીને તેજસ્વી યાદવ સહિત આરજેડીના અનેક વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરી હતી. આ દરમિયાન ઉત્તેજિત કાર્યકરો તેજસ્વી યાદવને લઈ જતી પોલીસ બસ પર ચડી ગયા હતા. અટકાયત બાદ પણ પોતાનાં વલણ પર અડગ રહેતાં તેજસ્વી યાદવે સ્પષ્ટ કર્યું કે તેઓ જેલ જવાથી ડરતાં નથી અને વિદ્યાર્થીઓનાં હિત, પરીક્ષાઓમાં પારદર્શિતા તેમજ બેરોજગારી નાબૂદી માટે પોતાની લડાઈ સતત ચાલું રાખશે.



તેજસ્વી યાદવે કહ્યું કે જનતા હવે પોતાનાં અધિકારો માટે રસ્તા પર ઉતરી આવી છે અને સરકારે તેમની માંગણીઓ સામે ઝૂકવું જ પડશે

પૂર્વ કચ્છમાં ભાડે આપેલા ખાતામાં ૩૨ કરોડની હેરફેરનું કૌભાંડ

અનેક રાજ્યોમાં ફોડના તાર

કર્ણાટક, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, દિલ્હી, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર અને તેલંગાણા સહિતના વિવિધ રાજ્યોમાંથી આ ખાતાઓ સંબંધિત સાયબર ફોડની ફરિયાદો નોંધાઈ છે.

ત્રણ આરોપીઓની શોધખોળ

આ કેસમાં સંડોવાયેલા હોવાનું સામે આવેલા વકાર હુશેન હોડા, કુલદીપ ઉર્ફે કિશન બારોટ અને પ્રિયાંક ઉર્ફે બીટુ ઉર્ફે શેઠ રમેશ ઠક્કરને ઝડપી પાડવા સાયબર ક્રાઈમ પોલીસે વધુ કવાયત હાથ ધરી છે.

કમિશનની લાલચથી સાવધાન

પોલીસે નાગરિકોને પોતાનું બેંક ખાતું, છ્સ્ કાર્ડ, ચેકબુક, સિમકાર્ડ, નેટબેંકિંગ યુઝર આઈડી કે પાસવર્ડ કોઈને કમિશન કે આર્થિક લાભની લાલચમાં ન આપવા અપીલ કરી છે.





સાયબર ક્રાઇમ બ્રાન્ચે મ્યુલ બેંક ખાતા ભાડે રાખનાર ૫ શખ્સોને ઝડપી લીધા : દેશ ભરમાં ઓનલાઈન છેતરપિંડીની ૧૨૭ ફરિયાદો દાખલ : કમિશનની લાલચ આપી ગાંધીધામ, અંજાર આસપાસના લોકોના એકાઉન્ટ ભાડે મેળવતા : દેશ વ્યાપી સાયબર ક્રાઇમના ભોપાળામાં નવા કડાકા ભડાકાની સંભાવના

મ્યુલ ખાતાઓમાં કરોડોની હેરફેર

પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં મ્યુલ બેંક ખાતાઓ મારફતે રૂ.૩૨.૬૨ કરોડથી વધુની ઓનલાઈન ફોડની રકમની લેવડ-દેવડ થયાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. અલગ-અલગ બેંક ખાતાઓમાં સાયબર ફોડની રકમ જમા કરાવી બાદમાં ઉપાડી લેવામાં આવતી હતી.

મ્યુલ બેંક ખાતા સામે દેશભરમાંથી ૧૨૭ ફરિયાદો દાખલ થઈ

આરોપીઓ દ્વારા આપવામાં આવેલા બેંક ખાતાઓ સામે દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ ૧૨૭ સાયબર ફોડ ફરિયાદો નોંધાઈ હોવાનું તપાસમાં સામે આવ્યું છે. જેના પગલે આ સમગ્ર નેટવર્કની ગંભીરતા સામે આવી છે.

પાંચ શખ્સોની ધરપકડ, ત્રણ ઇસમોના નામો ખુલ્યા

સાયબર ક્રાઈમ પોલીસે પાર્થ ચેતન ઝાલા, અશ્વિન ગોવિંદ કાનાણી, વશરામ ઉર્ફે કાળુ કાનાણી, કિશન જગદીશ વાંજા અને વત્સલ ઉર્ફે વિશાલ અનિલ ઠક્કરની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી છ મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યા છે.

૬૯ ખાતાની વિગતો હાથ લાગી

આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછ દરમિયાન ૬૯ બેંક ખાતાઓની વિગતો પોલીસના હાથે લાગી હતી. ત્યારબાદ વધુ તપાસમાં કુલ ૭૬ ખાતાઓમાં કરોડોની સાયબર ફોડની રકમની હેરફેર થયાનું બહાર આવ્યું.

OLXથી AI ઇન્વેસ્ટમેન્ટ ફોડ સુધી

મ્યુલ ખાતાઓમાં OLX ફોડ, વેબસાઇટ ફોડ, છૈં આધારિત ઈન્વેસ્ટમેન્ટ ફોડ અને OTP ફોડ સહિતની ઓનલાઈન છેતરપિંડીની રકમ જમા કરાવવામાં આવતી હોવાનું તપાસમાં ખુલ્યું છે.

ગોવા સુધી પહોંચ્યું નેટવર્ક

બેંક ખાતાની કીટની વિગતો કુરિયર મારફતે ગોવા મોકલવામાં આવતી હતી. જ્યારે બેંકના ઈ-મેઈલ આઈડી અને પાસવર્ડ જેવી સંવેદનશીલ વિગતો વોટ્સએપ મારફતે પહોંચાડવામાં આવતી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

ખાતું ભાડે આપ્યું તો કાયદાકીય ફસાવટ

સાયબર ફોડ માટે પોતાનું બેંક ખાતું અન્યને આપવાથી ખાતાધારક પણ પોલીસ તપાસ અને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરી શકે છે. તેથી થોડા કમિશનની લાલચમાં બેંકની વિગતો આપવી ભારે પડી શકે છે.

લોક ભાસ્કર ન્યુઝ, ગાંધીધામ : પૂર્વ કચ્છ સાયબર ક્રાઇમ બ્રાન્ચે મ્યુલ બેંક ખાતાઓ ભાડે આપવાના કૌભાંડનો પર્દાફાશ કરી પાંચ શખ્સોની ધરપકડ કરી છે. આરોપીઓ કમિશનની લાલચ આપી ગાંધીધામ અને અંજાર આસપાસના લોકોને બેંક ખાતા ભાડે આપવા માટે પ્રેરિત કરતા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. સમગ્ર નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ કરતાં આરોપીઓ દ્વારા આપવામાં આવેલા બેંક ખાતાઓમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ઓનલાઈન છેતરપિંડીની ૧૨૭ ફરિયાદો નોંધાયેલી હોવાનું બહાર આવ્યું છે.

સાયબર ક્રાઇમ પોલીસે પ્રથમ અરજીના આધારે તપાસનો દોર શરૂ કર્યો હતો. તપાસ દરમિયાન મ્યુલ બેંક ખાતાઓનું નેટવર્ક ગાંધીધામ અને અંજાર આસપાસના વિસ્તારોમાં સક્રિય હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કાર્યવાહી કરી પાર્થ ચેતન ઝાલા, રહે. ભાવેશ્વરનગર-૩, અંજાર, અશ્વિન ગોવિંદ કાનાણી, રહે. કૃષ્ણાનગર સોસાયટી, શાળા નં.૧૬ સામે, અંજાર, વશરામ ઉર્ફે કાળુ કાનાણી, રહે. નારેજી પીરજી ટ્રાન્સપોર્ટની બાજુમાં, ચૈન્નઝ, ગાંધીધામ, કિશન જગદીશ વાંજા, રહે. GIDC ઝૂપડા, ગાંધીધામ અને વત્સલ ઉર્ફે વિશાલ અનિલ ઠક્કર, રહે. ભારતનગર, ગાંધીધામની ધરપકડ કરી હતી. બાદ રૂ.૪૦ હજારની કિંમતના છ મોબાઈલ ફોન કબજે કર્યા હતા. મોબાઈલ ફોન તથા અન્ય વિગતોના આધારે તપાસ આગળ ધપાવતા બેંક ખાતાઓના સમગ્ર નેટવર્ક અંગે મહત્વની વિગતો હાથ લાગી હતી. આરોપીઓની પૂછપરછ દરમિયાન કુલ ૬૯ બેંક ખાતાઓની વિગતો મળી આવી હતી. આ ખાતાઓમાં દેશના અલગ-અલગ રાજ્યોમાંથી ઓનલાઈન સાયબર ફોડ અંગેની કુલ ૧૨૭ સમન્વય ફરિયાદો નોંધાયેલી હોવાનું તપાસમાં ખુલ્યું હતું. વધુ તપાસમાં કુલ ૭૬ બેંક ખાતાઓમાં રૂ.૩૨,૬૨,૧૬,૩૬૪ની ઓનલાઈન ફોડની રકમની લેવડ-દેવડ થયાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ રકમ અલગ-અલગ ખાતાઓ મારફતે ઉપાડી લેવામાં આવી હોવાની પણ વિગતો બહાર આવી છે. સાયબર ક્રાઇમ પોલીસે આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય આરોપીઓ વકાર હુશેન હોડા, રહે. જૂનું ફળિયું, સિનુગ્રા, તા. અંજાર, કુલદીપ ઉર્ફે કિશન બારોટ, રહે. આદિપુર તથા પ્રિયાંક ઉર્ફે બીટુ ઉર્ફે શેઠ રમેશ ઠક્કરને ઝડપી પાડવા માટે વધુ તપાસ અને કવાયત હાથ ધરી છે.

જીતુ વજીરાણીને પકડવા પોલીસને બદલે પ્રજાની દોડધામ



ખંડણીના ગુનામાં આરોપી અંડરગ્રાઉન્ડ થઈ જતા અનેક શંકા કુશંકાઓ વહેતી થઈ : પ્રેસના ઓથા તળે ખંડણીની દુકાન ચલાવ્યાની વેપારીઓમાં ચર્ચા : તોતિંગ ઉઘરાણીની ફરિયાદો વચ્ચે કાર્યવાહી સામે સવાલો : ટૂંક સમયમાં જીતુ જેલના સળિયા પાછળ હોવાનો ગણગણાટ

વેપારીઓમાં ઉઘરાણીની ચર્ચા

જીતુ વજીરાણી દ્વારા વેપારીઓ પાસેથી તોતિંગ નાણાંની ઉઘરાણી કરાઈ હોવાની ફરિયાદો સામે આવી રહી હોવાની ચર્ચા છે. જો આ ફરિયાદોમાં તથ્ય હોય તો નાણાં ક્યાંથી અને કયા કારણોસર લેવાયા તેની તપાસ થવી જરૂરી છે. તેમજ આવા તત્વોને કાયદાનો પાઠ ભણાવી અન્ય ખંડણીખોરોને પણ સબક આપવા માંગ કરવામાં આવી છે.

આરોપી ક્યાં? સવાલ સીધો છે!

આક્ષેપો ગંભીર હોય અને ફરિયાદો થઈ રહી હોય તો તપાસ ક્યાં સુધી પહોંચી? આરોપીની શોધખોળ માટે શું પ ગલાં લેવાયા? અને જો તે ફરાર હોય તો તેને પકડવામાં વિલંબ કેમ? આવા સવાલો હવે ચર્ચાના કેન્દ્રમાં છે. ત્યારે આરોપીને વહેલીતકે પકડીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવા લોકો માંગ પ્રબળ બની છે.

પ્રજાએ શોધવાનો વારો કેમ?

કાયદો હાથમાં લેવાની કે આરોપીને શોધવાની જવાબદારી પ્રજાની નથી. આરોપી સામે ફરિયાદ હોય તો તેની શોધખોળ અને કાયદેસરની કાર્યવાહી પોલીસની જવાબદારી છે. તેથી "પ્રજા દોડે કે પોલીસ?" પરંતુ પોલીસની સાથે સાથે હવે આરોપીને પકડવા પ્રજામાં પણ ભારે દોડધામ ચાલતી હોવાની ચર્ચા ઉઠી રહી છે.

ખંડણીની દુકાનના આક્ષેપોની તપાસ ક્યારે?

વેપારીઓ પાસેથી મોટી રકમની ઉઘરાણીના આક્ષેપો જો સાચા હોય તો આ માત્ર વ્યક્તિગત ફરિયાદ નહીં પરંતુ ગંભીર તપાસનો વિષય બની શકે છે. નાણાકીય લેવડદેવડ, ફોન કોલ, મેસેજ અને અન્ય પુરાવાઓની તપાસથી હકીકત બહાર આવી શકે છે. તેમજ આરોપી સામે ઝડપી તપાસ પૂર્ણ કરીને કાયદાનો સકંજો વધુ મજબૂત બનાવવા લોકોમાં દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

ફરિયાદની તપાસ કઇ દિશામાં આગળ વધે છે? એ જોવાનું રહ્યું

વેપારીઓની ફરિયાદો અને ઉઠતા સવાલો વચ્ચે હવે પોલીસ શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે. આરોપી સુધી પોલીસ પહોંચે છે કે નહીં અને ફરિયાદોના આક્ષેપોની તપાસ કઈ દિશામાં આગળ વધે છે તે જોવાનું રહેશે. તેમજ આરોપો અંગે ઊંડાણ પૂર્વક તપાસ કરવામાં આવે તો તેની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

ફરિયાદો માત્ર ચર્ચા ન બની રહે

વેપારીઓ પાસેથી મોટા પ્રમાણમાં ખંડણી વસુલ કરવામાં આવી હોવાના આક્ષેપોની સત્તાવાર નોંધ લઈ તપાસ કરવામાં આવે અને જો ગુનો બનતો હોય તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. માત્ર ચર્ચાઓ નહીં, હકીકત બહાર લાવતી તપાસ હવે જરૂરી બની છે.

પ્રેસની ઓળખને આરોપીએ ઢાલ બનાવી નાખી

પ્રેસના નામનો ઉપયોગ કરી કોઈ વ્યક્તિ વેપારીઓ પર દબાણ બનાવતો હોય તો તે ગંભીર બાબત છે. પત્રકારત્વની ઓળખને ઢાલ બનાવી વ્યક્તિગત ઉઘરાણી કરવામાં આવી હોવાના આક્ષેપોની નિષ્પક્ષ તપાસ જરૂરી બની છે. આવા કિસ્સામાં ઊંડાણ પૂર્વક તપાસ કરવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થવાની સંભાવના સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પત્રકારત્વની આડમાં દબાણ નહીં ચાલે!

પત્રકારત્વ લોકશાહીના ચોથા સ્તંભ તરીકે વિશ્વાસનું ક્ષેત્ર છે. કોઈ વ્યક્તિ આ ઓળખનો દુરુપયોગ કરી વેપારીઓ કે સામાન્ય નાગરિકો પર દબાણ કરતો હોય તો તે સમગ્ર પત્રકારત્વની વિશ્વસનીયતા માટે પણ ગંભીર પ્રશ્ન છે. જેથી આ બાબતે સબંધિત વિભાગો દ્વારા પણ તપાસમાં ઝંપલાવી લાયસન્સ રદ કરવા સહિતના ગંભીર પગલા લેવામાં આવે તે જરૂરી બની ગયું છે.

લોક ભાસ્કર ન્યુઝ, ગાંધીધામ : ગાંધીધામમાં જીતુ વજીરાણીને લઈને વેપારી વર્તુળોમાં અનેક પ્રકારની ફરિયાદો અને ચર્ચાઓ ચાલી રહી છે.

આરોપ છે કે પ્રેસ સાથે સંકળાયેલા હોવાની ઓળખનો ઓથો લઈને વેપારીઓ પાસેથી મોટી રકમની ઉઘરાણી કરવામાં આવી હતી. જોકે, આ આક્ષેપોની સત્યતા તપાસનો વિષય છે અને સત્તાવાર રીતે સાબિત થાય ત્યાં સુધી તેને આરોપ તરીકે જ જોવો જરૂરી છે, પરંતુ હાલે જીતુ વજીરાણી અંડરગ્રાઉન્ડ થઈ ગયો હોવાની ચર્ચા વચ્ચે તેને પકડવાની જવાબદારી પોલીસની હોવા છતાં લોકોમાં એવી ટિપ્પણી થઈ રહી છે કે "પોલીસને શોધવો જોઈએ એવો આરોપી શોધવા પ્રજાએ જ દોડધામ કરવી પડે છે?વેપારીઓ દ્વારા કરવામાં આવી રહેલી ફરિયાદોની યોગ્ય તપાસ થાય, આક્ષેપોમાં તથ્ય હોય તો નાણાકીય વ્યવહારોની તપાસ કરવામાં આવે અને કોઈ વ્યક્તિએ પત્રકારત્વની ઓળખનો દુરુપયોગ કર્યો હોય તો તેની સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી રહી છે.

જેવીસી ટ્રસ્ટ દ્વારા ગાંધીધામમાં ભવ્ય દેશભક્તિ નૃત્ય કાર્યક્રમ યોજાયો







ગાંધીધામ : સંસ્થા સ્થાપક શ્રીમતી પારૂલ સોની એડવોકેટ અને સંચાલક ડાન્સર, એક્ટર મોડલ પૃથ્વી સોની દ્વારા દેશભક્તિ ગીત નૃત્ય સાથે આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઈશ્વરનાં સ્મરણ સાથે શ્રી ગણેશ વંદના સંસ્થા પ્રમુખ યોગેશકુમાર સોની, અતિથિ વિશેષ બીએસએફ ૮૫ બટાલિયન કમાન્ડન્ટ શ્રી શિવકુમાર સાહેબ, શ્રી ડો .સંતોષકુમાર સિંગ પ્રિન્સીપાલ પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ, બીએસએફ ૯૦ બાટલિયન નાં જવાનો અને શ્રી મોહનભાઈ ધારશી ઠક્કર, આહીર વી.એસ. હુંબલ,સેક્રેટરી એકલવ્ય સોની, નરેશભાઈ સોની, કિરણભાઈ સોની,રવિભાઈ સોની મોડલ રાહુલ ચંચલાણી, દીપા સોની, શ્રીમતી માનસી સોની, રેખાબેન સોની,મીરાબેન સોની, મેઘાબેન સદાની, પારૂલબેન ગક્કર, પ્રજ્ઞાબેન અને રાજેશભાઈ મલ્લ સહ ઉપસ્થિત સર્વેએ કરેલ. વિભિન્ન સંસ્થાઓનાં આમંત્રિત હોદેદારો બીનાબેન પંડ્યા, રિતુ ગોયલ, શ્રી ભૂપેન્દ્ર ગોયલ, શ્રી દીપેન જોડ, દયારામ ગોયલ,શ્રી હરેશકુમાર તુલસીદાસ,આશા અખાણી, મંજુબેન ઘેડા ,ડો. સુનીતા દેવનાની, નીતાબેન ઠક્કર, રિમ્પલબેન આચાર્ય, એન એમ ચેરિટેબલ ટ્રસ્ટ, સત્ય શ્રીવાસ્તવ, હીનાબેન જોશી, કવિતા કેસરિયા,મનીષાબેન વોરા, પિંકીબેન બાગરેચા, કાજલ મોટવાણી, રિયા બજાજ, મિહિર ઠક્કર, ભાવિશા ઠક્કર ઉપસ્થિત રહ્યા હતાં. નૃત્ય કલાકારોએ બહોળી સંખ્યામાં પોતાની નૃત્ય કલા પ્રસ્તુત કરતા તેમણે સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા. દેશભક્તિનાં રંગે રંગાઈ BSF જવાનો જે દેશનાં રિયલ હીરો અને નારીશકિત જવાનો ઝૂમી ઉઠેલ જે કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યું હતુ, સંસ્થાએ તેમની દેશ પ્રત્યેની નિષ્ઠા અને સેવાઓ બિરદાવી સ્મૃતિચિહન અને ગોલ્ડમેડલથી વિષેશ સન્માનીત કરેલ. ત્યાર બાદ જિંગાલ આર્મી એકેડમી શ્રી ટેકચંદને તેમની દેશ સેવાને બિરદાવી સ્મૃતિચિહનથી સન્માનીત કરવામાં આવ્યા હતા. પૃથ્વી સોનીએ મુંબઈ મધ્યે એકટીંગ કોર્સ એક્ટર ટૂથ અભિનેતા શ્રી સૌરભ સચદેવા એકેડમીથી તાલીમ લીધેલ અને ગ્રુપના જોશ અબ્રાહમએ મુંબઈથી વિડિયોગ્રાફી એડિટિંગ કોર્સ કરવા બદલ સંસ્થા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.પત્રકાર શ્રી મિહુભાઈ ચૌહાણ અને કરિશ્મા મનીનું સન્માન કરવામાં આવ્યું હતું.સહ સંસ્થાના તેજસ્વી તારલાઓબે સન્માનિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમ સફળ બનાવવા જેવીસી ડાન્સર હાર્દિક ઝાલા, મોડલ રાહુલ ચંચલાની, જોએસ અબાહમ, પ્રથમ મોતા, યોગેશ ભીંડી, શ્રેયાંશ સોની, યાજ્ઞિક સોની , ગૌતમ સોની,અને હિતાર્થ સોનીએ જહેમત ઉઠાવી હતી.અને સેક્રેટરી એકલવ્ય સોનીએ સર્વે નો આભાર વ્યક્ત કરેલ.

ગાંધીધામ કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો

૧૫મી ઓગસ્ટના ધ્વજવંદનને લઈ કોંગ્રેસમાં ઘમાસાણ

ગાંધીધામ શહેરમાં ૧૫મી ઓગસ્ટના ધ્વજવંદન કાર્યક્રમને લઈને કચ્છ કોંગ્રેસમાં આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કાર્યક્રમનું આયોજન કરી જાહેર આમંત્રણ આપવામાં આવ્યું હોવા છતાં ગાંધીધામમાં અન્ય સ્થળે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હોવાના મુદ્દે જિલ્લા કોંગ્રેસના ચાર હોદ્દેદારોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. પક્ષની સૂચનાનું પાલન ન થયું હોવાના આક્ષેપ સાથે હવે સંગઠનની અંદરની ખેંચતાણ ખુલ્લેઆમ ચર્ચામાં આવી છે.

પ્રદેશની સૂચના છતાં અલગ કાર્યક્રમ?

નોટિસમાં જણાવ્યા મુજબ ગાંધીધામ શહેરમાં એક જ સ્થળે ધ્વજવંદન કાર્યક્રમ યોજવા અંગે પ્રદેશ કોંગ્રેસ સમિતિ તરફથી સૂચના આપવામાં આવી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા પણ આ અંગે હોદ્દેદારોને જાણ કરાઈ હોવાનો ઉલ્લેખ છે. તેમ છતાં અન્ય સ્થળે કાર્યક્રમ યોજાતા પક્ષની શિસ્ત અને સંગઠનાત્મક નિર્ણયની અવગણના થઈ હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

ચાર હોદ્દેદારો સામે કારણદર્શક નોટિસ

સંજય ગાંધી, ચેતન જોશી, બી.ટી. મહેશ્વરી અને બળવંતસિંહ ઝાલાને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દા પરથી તેમને મુક્ત કેમ ન કરવા તે અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. ચારેય હોદ્દેદારો હવે પક્ષ સમક્ષ શું જવાબ રજૂ કરે છે તેના પર સૌની નજર છે.

સાત દિવસમાં જવાબ નહીં તો કાર્યવાહી

નોટિસમાં સ્પષ્ટ શબ્દોમાં સાત દિવસની સમયમર્યાદા આપવામાં આવી છે. જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ખુલાસો રજૂ કરવાનો રહેશે. નિર્ધારિત સમયગાળામાં જવાબ નહીં આપવામાં આવે અથવા જવાબ સંતોષકારક નહીં જણાય તો કોંગ્રેસ પક્ષ તરફથી શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

હવે ખુલાસા પર સૌની નજર

કારણદર્શક નોટિસ બાદ ચારેય હોદ્દેદારો દ્વારા આપવામાં આવનારા ખુલાસા પર કોંગ્રેસના કાર્યકરોની નજર મંડાઈ છે. પક્ષની સૂચનાનું ઉલ્લંઘન કેમ થયું અને અલગ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કયા કારણોસર લેવાયો તે અંગેનો ખુલાસો સંગઠન માટે મહત્વનો બની શકે છે. સાત દિવસ બાદ કોંગ્રેસ શું નિર્ણય લે છે તે જોવું રહ્યું.

મહા નગરપાલિકામાં વિરોધ પક્ષના નેતાનું સ્થાન ખાલી

ગાંધીધામ કોંગ્રેસમાં આંતરિક વિખવાદ પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે. સામાન્ય બહુમતી ધરાવતા પક્ષમાં અલગ અલગ જૂથો પડી ગયા છે. જેના કારણે કાર્યકરોમાં પણ અનેક ચર્ચાઓ વહેતી થઈ રહી છે. આવા સમયમાં ગાંધીધામ મહાનગરપાલિકામાં સત્તાપક્ષ દ્વારા હોદેદારોની જાહેરાત કરી દેવામાં આવી છે, પરંતુ ૧૧ કોર્પોરેટર ધરાવતા કોંગ્રેસ પક્ષ દ્વારા હજુ સુધી વિપક્ષી નેતા અંગે કોઈ નક્કર નિર્ણય લેવાયો નથી. બીજીતરફ વિરોધ પક્ષના નેતાના નામ જાહેર થવાની સાથે જ કોંગ્રેસમાં ભડકો થવાની સંભાવના સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સંગઠનની એકતા સામે સવાલો ઊભા થયા

ધ્વજવંદન જેવા રાષ્ટ્રીય પર્વના કાર્યક્રમને લઈને કોંગ્રેસના જ હોદ્દેદારો વચ્ચે મતભેદ ઊભા થતા સંગઠનની આંતરિક એકતા સામે સવાલો ઊભા થયા છે. પક્ષની સૂચના, શહેર સમિતિનો કાર્યક્રમ અને અલગ કાર્યક્રમના મુદ્દે ઉભો થયેલો વિવાદ હવે માત્ર કાર્યક્રમ પૂરતો રહ્યો નથી, પરંતુ કચ્છ કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક મતભેદોની ચર્ચાને પણ વેગ મળ્યો છે.

૧૫ મી ઓગસ્ટના ધ્વજવંદનને લઈ કોંગ્રેસમાં આંતરિક કલહ સપાટી પર : પક્ષની સૂચનાના ઉલ્લંઘનનો આરોપ, ચાર હોદ્દેદારોને કારણદર્શક નોટિસ

જિલ્લા કોંગ્રેસ પ્રમુખે ૭ દિવસમાં ખુલાસો કરવા તાકીદ કરી : જવાબ સંતોષકારક નહીં હોય તો શિસ્તભંગની કાર્યવાહીની ચીમકી

લોક ભાસ્કર ન્યુઝ, ગાંધીધામ : કચ્છ જિલ્લા કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ફરી એકવાર સપાટી પર આવ્યો છે. ગાંધીધામ શહેરમાં ૧૫મી ઓગસ્ટના ધ્વજવંદન કાર્યક્રમને લઈને કોંગ્રેસના ચાર હોદ્દેદારોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવતા કોંગ્રેસની આંતરિક ખેંચતાણ ચર્ચાનો વિષય બની છે.

ગાંધીધામ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ૧૫મી ઓગસ્ટના ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને સોશિયલ મીડિયા મારફતે જાહેર આમંત્રણ પણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગાંધીધામ શહેરમાં અન્ય સ્થળે ધ્વજવંદનનો કાર્યક્રમ ન યોજવા પ્રદેશ કોંગ્રેસ સમિતિ તરફથી સૂચના આપવામાં આવી હોવાનો નોટિસમાં ઉલ્લેખ કરાયો છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે પણ આ અંગે જાણ કરવામાં આવી હોવા છતાં પક્ષની સૂચનાનું પાલન કરાયું નહોતું. ગાંધીધામ શહેરમાં અન્ય સ્થળે ધ્વજવંદન કાર્યક્રમ યોજવા બદલ ગાંધીધામ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સંજય ગાંધી તથા ચેતન જોશી, બી.ટી. મહેશ્વરી અને બળવંતસિંહ ઝાલાને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે.

નોટિસમાં ચારેય હોદ્દેદારોને જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દા પરથી મુક્ત કેમ ન કરવા તે અંગે સાત દિવસમાં જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ખુલાસો રજૂ કરવા જણાવાયું છે. નિર્ધારિત સમયમર્યાદામાં ખુલાસો નહીં કરવામાં આવે અથવા જવાબ સંતોષકારક નહીં જણાય તો કોંગ્રેસ પક્ષ તરફથી શિસ્તભંગની કાર્યવાહી કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. આ ઘટનાએ કચ્છ કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક મતભેદોને ફરી ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધા છે. એક કાર્યક્રમના આયોજનને લઈને સંગઠનના જ હોદ્દેદારો સામે કારણદર્શક નોટિસ જારી થવાથી પક્ષની અંદરની એકતા સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

પોશ વિસ્તારોમાં રહીશોનો વિશ્વાસ કેળવી ચોરી કરતી નેપાળી ગેંગનો પર્દાફાશ

ઘરકામની નોકરી આપતા પહેલાં સાવધાન!

પોલીસે લોકોને અજાણ્યા વ્યક્તિને ઘરકામ માટે રાખતા પહેલાં તેની સંપૂર્ણ ઓળખ ચકાસવા અને પોલીસ વેરિફિકેશન કરાવવા અનુરોધ કર્યો છે. ખાસ કરીને પરિવાર લાંબા સમય માટે બહાર જતો હોય ત્યારે ઘરની દેખરેખ માટે વિશ્વસનીય વ્યવસ્થા કરવા પણ અપીલ કરવામાં આવી છે. વિશ્વાસનો દુરુપયોગ કરીને ચોરી કરતી આવી ગેંગોથી સાવચેત રહેવું જરૂરી બન્યું છે.



સલીના, રવિના પોલીસની રડારમાં આવી, ત્રણ શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન

પોલીસે કાર્યવાહી કરીને સલીના ધનબહાદુર શાહી, રહે. દૈલેખ, નેપાળ અને રવીના વિવેક શાહી, રહે. કરનાલી રાજ્ય, નેપાળની ધરપકડ કરી હતી. બંને પાસેથી રૂ.૧,૮૫,૭૯૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આરોપીઓની પૂછપરછમાં ગેંગના અન્ય ત્રણ સાગરીતો ભીમબહાદુર નરબહાદુર શાહી, વિરેંદ્રબહાદુર ઉર્ફે વિવેક નરબહાદુર શાહી ઉર્ફે કોલેલ, બંને રહે. દૈલેખ, નેપાળ તથા ભીમબીર ઉર્ફે પ્રિન્સ બીરા શાહી, રહે. દાહીલેખ, નેપાળના નામો સામે આવ્યા છે.

પરિવાર બહાર જતા સાગરીતોને બોલાવી મકાનમાં સફાઇ કરી નાખી

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા માટે વિશેષ સૂચનાઓ આપવામાં આવી હતી. જેમાં આદિપુરના વોર્ડ નં.૬/સીમાં આશરે ચાર માસ અગાઉ મકાનમાં ઘરકામ કરતી એક નેપાળી મહિલાએ મકાન માલિકનો વિશ્વાસ કેળવ્યા બાદ પરિવાર બહાર ગયો ત્યારે પોતાના સાગરીતોને બોલાવી ઘરફોડ ચોરી કરાવી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

સીસીટીવી ફૂટેજમાં નેપાળી ગેંગની કરતૂત કેદ થઈ ગઈ

આ ગુનાની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.સી. વાળાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. આર.એમ. ડુવા તથા સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવી હતી. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન અને લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટેક્નિકલ સર્વેલન્સની મદદથી તપાસ આગળ ધપાવવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપી મહિલાઓ આદિપુરની વિવિધ સોસાયટીઓમાં ઘરકામ મેળવવા માટે મકાનો શોધતી હોવાની માહિતી મળી હતી.

પુણે-થાણેથી બેંગલોર સુધી ચોરીનો કાળો કારોબાર

પૂછપરછમાં પુણેના હીંજવડી, બાવધન અને નિગડી તથા થાણેના કોપરી વિસ્તારમાં ઘરકામ દરમિયાન વિશ્વાસઘાત કરીને ચોરી કર્યાનું સામે આવ્યું છે. આ ઉપરાંત કર્ણાટકના બેંગલોરના વ્હાઇટફિલ્ડ વિસ્તારમાં પણ સમાન રીતે ઘરફોડ ચોરી આચરવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

વિશ્વાસ જીત્યો, પછી મકાન સાફ કરી નાખ્યું

આરોપીઓ પોશ વિસ્તારોમાં સમૃદ્ધ પરિવારોના મકાનો પસંદ કરતા અને ઘરકામની નોકરી મેળવી પરિવારનો વિશ્વાસ કેળવતા હતા. ત્યારબાદ ઘરના સભ્યોની દિનચર્યા અને બહાર જવાની માહિતી મેળવી યોગ્ય તકની રાહ જોતા હતા. પરિવાર લાંબા સમય માટે બહાર જાય ત્યારે સાગરીતોને બોલાવી પૂર્વ આયોજન મુજબ ઘરફોડ ચોરીને અંજામ આપતા હતા.

આદિપુરમાં ઘરફોડ ચોરીમાં બે નેપાળી મહિલાની ધરપકડ : ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં એક કરોડથી વધુની છ ઘરફોડ ચોરીના ગુના દાખલ : આરોપીની પૂછપરછમાં વધુ ત્રણ શખ્સોના નામો ખુલ્યા

લોકભાસ્કરન્યુઝ,ગાંધીધામ: આદિપુરમાં ઘરકામના બહાને સમૃદ્ધ પરિવારોના મકાનમાં પ્રવેશ મેળવી વિશ્વાસ કેળવ્યા બાદ ઘરફોડ ચોરી કરતી આંતરરાજ્ય નેપાળી ગેંગનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે બે નેપાળી મહિલાઓને ઝડપી પાડી તેમની પાસેથી સોનાની ડાયમંડ રિંગ, મોબાઈલ ફોન તેમજ ભારતીય અને નેપાળી ચલણ સહિત કુલ રૂ.૧,૮૫,૭૯૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછ દરમિયાન આ ગેંગ દ્વારા ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં કુલ છ ઘરફોડ ચોરીઓને અંજામ આપ્યાનું સામે આવ્યું છે, જેમાં એક કરોડથી વધુનો મુદ્દામાલ ચોરાયો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

સમાન મોડસ ઓપરેન્ડીથી જુદાજુદા રાજ્યોમાં ચોરી કરી

આ ગેંગે આદિપુર ઉપરાંત મહારાષ્ટ્ર અને બેંગલોરમાં પણ સમાન મોડસ ઓપરેન્ડીથી ઘરફોડ ચોરીઓ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી ગેંગના ફરાર સાગરીતો તથા અન્ય ગુનાઓમાં સંડોવણી અંગે તપાસ શરૂ કરી છે.

ચોરીના દાગીના નેપાળ લઈ જઈ રોકડી કરી

ગેંગ દ્વારા ચોરીમાં મળેલા સોનાના દાગીના, કિંમતી સામાન અને રોકડને નેપાળ લઈ જઈ વેચી નાખવામાં આવતા હતા. ચોરીના માલમાંથી મળેલી રકમનો ઉપયોગ મોજશોખ, ફરવા તથા ફ્લાઇટના ખર્ચમાં કરવામાં આવતો હોવાનું પૂછપરછમાં બહાર આવ્યું છે.

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર, સમસ્યા કે તસ્વીરી અહેવાલને અમારા સુધી પહોંચાડો
WhatsApp ના માધ્યમથી...
9725170800, 98252 13026
(ભીકુ ચૌહાણ)
તો આજે જ લોકભાસ્કરના સીટીઝન જર્નાલીસ્ટ બની ગર્વ અનુભવો.

SRCની બેઠક બાદ 'શાંતિ'ના પડદા પાછળ ઘમાસાણ!

આદિપુર એસઆરસીના ઇતિહાસમાં પ્રથમ વખત ચેરમેનને થપ્પડો ઝીંકાઇ





હવે એસઆરસીમાં ડાયરેક્ટરોને હેલ્મેટ પહેરીને ઓફિસમાં આવવું પડશે? કેમ કે ક્યાંથી થપ્પડનો વારો આવશે કાંઇ ખબર નથી હોતી...

અમદાવાદમાં ડાયરેક્ટરોની બેઠક પૂર્ણ થયા બાદ નીચે ઉતરતા જ બબાલ : ચેરમેનની સહિત નિલેશને પણ મારામારીનો સામનો કરવો પડ્યાનો દાવો : મિટિંગની અંદર શાંતિ, બહાર નીકળતા જ છૂટા હાથની ઘટનાથી ગાંધીધામ સંકુલમાં ખળભળાટ

બેઠકમાં શાંતિ, બહાર નીકળતા જ વાતાવરણ ગરમાયું

મળતી માહિતી મુજબ અમદાવાદમાં SRCના ડાયરેક્ટરોની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન અંદરથી કોઈ મોટો હોબાળો કે મારામારીનો માહોલ જોવા મળ્યો ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પરંતુ બેઠક પૂર્ણ થયા બાદ ડાયરેક્ટરો બહાર નીકળ્યા અને નીચે ઉતરતા જ મામલો ઉગ્ર બન્યો હતો. બહાર નીકળતા સમયે થયેલી બોલાચાલી બાદ મામલો મારામારી સુધી પહોંચ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ઘટનામાં SRCના ચેરમેનને પણ માર પડ્યો હોવાના સામે આવ્યો હોવાથી સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે.

SRCના ઇતિહાસમાં પ્રથમ વખત ચેરમેનને માર પડ્યાની ચર્ચા

SRC જેવી મહત્વપૂર્ણ સંસ્થાના ચેરમેન સાથે જ મારામારીની ઘટના બની હોવાના આક્ષેપથી સંસ્થાના વર્તુળોમાં અનેક સવાલો ઊભા થયા છે. SRCના ઇતિહાસમાં આ પ્રકારની ઘટના પ્રથમ વખત બની હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ચેરમેન જેવા સર્વોચ્ચ હોદ્દા પર રહેલા વ્યક્તિ સાથે જાહેરમાં ઘર્ષણ સર્જાય અને મામલો મારામારી સુધી પહોંચે તે ઘટના સંસ્થાની આંતરિક સ્થિતિ સામે પણ ગંભીર સવાલો ઊભા કરે છે.

ચેરમેન અને નિલેશને પણ 'મેથિપાક' ખાવાનો વારો આવ્યો ?

ઘટનામાં ચેરમેન ઉપરાંત ડાયરેક્ટર નિલેશે પણ મારામારીનો સામનો કરવો પડ્યો હોવાના આક્ષેપો છે. એક તરફ ડાયરેક્ટરોની બેઠક પૂર્ણ થઈ રહી હતી ત્યારે બીજી તરફ બહાર નીકળતા જ બનેલી આ ઘટનાએ સમગ્ર બેઠકના માહોલ પર જ પ્રશ્નાર્થ મૂકી દીધો છે. આખરે એવી કઈ બાબત હતી કે બેઠક પૂરી થયા બાદ વાતાવરણ અચાનક ગરમાયું અને મામલો મારામારી સુધી પહોંચ્યો? આ સવાલ SRC સાથે સંકળાયેલા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

બેઠકના સકારાત્મક પાસાઓ કરતાં મારામારીની ઘટનાની ચર્ચા વધુ

SRCના ડાયરેક્ટરોની બેઠકનો ઉદ્દેશ સંસ્થાના કામકાજ અને મહત્વના મુદ્દાઓ અંગે ચર્ચા કરવાનો હોય છે. પરંતુ બેઠક પૂર્ણ થયા બાદ બહાર સર્જાયેલા કથિત ઘમાસાણને કારણે બેઠકના સકારાત્મક પાસાઓ કરતાં મારામારીની ઘટનાની ચર્ચા વધુ થઈ રહી છે. સંસ્થાની પ્રતિષ્ઠા જાળવવાની જવાબદારી ધરાવતા હોદ્દેદારો વચ્ચે જ જો જાહેરમાં ઘર્ષણ સર્જાય તો સામાન્ય સભ્યો અને સંસ્થા સાથે જોડાયેલા લોકોમાં તેની કેવી છાપ પડે તે પણ વિચારવા જેવું છે.

અમદાવાદની ઘટનાના ગાંધીધામ સંકુલમાં પડઘા

અમદાવાદમાં બનેલી આ ઘટનાના પડઘા ગાંધીધામ સુધી પહોંચતા સંકુલમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે. SRCના આંતરિક રાજકારણથી લઈને ડાયરેક્ટરો વચ્ચેના મતભેદો સુધીના મુદ્દાઓને આ ઘટનાની સાથે જોડીને ચર્ચા થઈ રહી છે. જોકે, મારામારીનું ચોક્કસ કારણ શું હતું, કોણે પહેલ કરી અને ઘટનાક્રમ કઈ રીતે આગળ વધ્યો તે અંગે સત્તાવાર રીતે સ્પષ્ટતા થવી બાકી છે. આથી સમગ્ર મામલે બંને પક્ષની રજૂઆત સામે આવે તે બાદ જ હકીકત વધુ સ્પષ્ટ થઈ શકે તેમ છે.

સ્વ. ભાઈ પ્રતાપ અને દાદી નિર્મલાબેન ગજવાણીના સ્વપ્નો ઉપર પાણી ફરી વળ્યું

SRC માત્ર એક સંસ્થા નથી, પરંતુ તેના ઇતિહાસ સાથે સંકળાયેલા અનેક લોકોની લાગણીઓ અને સંઘર્ષની લાંબી ગાથા છે. સ્વ. ભાઈ પ્રતાપ અને દાદી નિર્મલાબેન ગજવાણીના સ્વપ્નો અને સંકલ્પ સાથે ઊભી થયેલી સંસ્થામાં આજે હોદ્દેદારો વચ્ચે મારામારીના આક્ષેપો થાય તે સ્થિતિ ખરેખર ચિંતાજનક ગણાય. સંસ્થાની ગરિમા જાળવવાને બદલે આંતરિક મતભેદો જો જાહેરમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા લાગે તો વર્ષો સુધી ઊભી કરાયેલી સંસ્થાની પ્રતિષ્ઠાને નુકસાન થવાની ભીતિ રહે છે.

આવનારા દિવસોમાં આ વિવાદ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરવાની શક્યતા

SRCની બેઠક બાદ એવું શું બન્યું કે વાત સીધી મારામારી સુધી પહોંચી? ચેરમેન સાથે બનેલી ઘટનાની સત્તાવાર હકીકત શું છે? ડાયરેક્ટરો વચ્ચે ખરેખર કયા મુદ્દે વિવાદ હતો? અને સંસ્થાની પ્રતિષ્ઠા બચાવવા હવે જવાબદારી કોણ લેશે? આ સમગ્ર ઘટનાને લઈને SRC સાથે જોડાયેલા વર્તુળોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. જો સંસ્થાની અંદરની ખેંચતાણ બહાર આવીને મારામારી સુધી પહોંચી હશે તો આવનારા દિવસોમાં આ વિવાદ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે કે પછી સમાધાનથી મામલો થાળે પડે છે, તેના પર સૌની નજર રહેશે.

SRCની ગરિમા સામે મોટો સવાલ

ડાયરેક્ટરોની બેઠકમાં નિર્ણયોની ચર્ચા થવી જોઈએ, પરંતુ બેઠક પૂર્ણ થયા બાદ મારામારીની ઘટના ચર્ચાનું કેન્દ્ર બને તો સંસ્થાની કાર્યશૈલી અને આંતરિક વ્યવસ્થા સામે સવાલ ઊભા થાય તે સ્વાભાવિક છે.

'હોદ્દો મોટો કે અહંકાર?' સંસ્થાની શિસ્તના લીરે લીરા

ચેરમેન અને ડાયરેક્ટરો વચ્ચે મતભેદ હોય તો ચર્ચા અને લોકશાહી પદ્ધતિથી ઉકેલ આવવો જોઈએ. વાત મારામારી સુધી પહોંચે તો પ્રશ્ન માત્ર વ્યક્તિઓનો નહીં, પરંતુ સમગ્ર સંસ્થાની શિસ્તનો બની જાય છે.

લોક ભાસ્કર ન્યુઝ, ગાંધીધામ : ઘટનાએ ગાંધીધામ સંકુલમાં ભારે ચર્ચા જગાવી છે. ડાયરેક્ટરોની બેઠક પૂર્ણ થયા બાદ ચેરમેન સહિત નિલેશ નીચે ઉતરી રહ્યા હતા ત્યારે અચાનક ઘમાસાણ સર્જાયું હોવાના અહેવાલ મળ્યા છે. ઘટનાને પગલે SRC સાથે જોડાયેલા વર્તુળોમાં ભારે ચકચાર મચી છે. બીજીતરફ કચ્છમાં પ્રતિષ્ઠિત કહેવાતી આદિપુરની સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિ. ના ઇતિહાસમાં પ્રથમ વખત ચેરમેનને થપ્પડો ઝીંકાયાનો મામલો સામે આવતા ચકચાર મચી ગઈ છે.

ગાંધીધામમાં ૩.૪૦૦ કરોડની લોન કૌભાંડ મામલે કોર્ટની કાર્યવાહી પર મદાર

જમીન પર મકાન નહીં, દસ્તાવેજોમાં બાંધકામ બતાવાયું?

૧૫૦ જેટલા મકાનો માટે ઇજનેરો દ્વારા સર્વે કરવામાં આવ્યો હોવાનો દાવો છે. પરંતુ હકીકતમાં મકાનો બન્યા જ ન હોય તો સ્થળ તપાસનો રિપોર્ટ કેવી રીતે તૈયાર થયો તે સૌથી મોટો સવાલ!

મકાન વિના મોર્ગેજ લોન કેવી રીતે મળી?

બોગસ કમ્પ્લિશન પ્રમાણપત્રો અને સંબંધિત દસ્તાવેજોના આધારે આશરે ૩.૪૦૦ કરોડની લોન મેળવાઈ હોવાના આક્ષેપો છે. બેંકિંગ અને મોર્ગેજ પ્રક્રિયામાં દસ્તાવેજોની ચકાસણી કોણે કરી?

ફરિયાદમાં ડીપીએનો 'સકારાત્મક' રિપોર્ટના આક્ષેપ

સર્વે બાદ મંજૂરી સુધીની આખી પ્રક્રિયા શંકાના ઘેરામાં આવી ગઈ છે. ઇજનેરોના સર્વે બાદ ડીપીએમાં રિપોર્ટ કરાયો અને ત્યાંથી પણ સકારાત્મક નિર્ણય લેવાયો હોવાનો આક્ષેપ છે. મકાનો અસ્તિત્વમાં જ ન હોય તો રિપોર્ટમાં શું તપાસાયું હતું?

બોગસ કમ્પ્લિશન સર્ટિફિકેટ?

મકાન બન્યા વગર પૂર્ણતાનું પ્રમાણપત્ર કોણે આપ્યું? તેવો પ્રશ્ન ઉદભવી રહ્યો છે. બાંધકામ પૂર્ણ થયાનું દર્શાવતા પ્રમાણપત્રો જ જો ખોટા હોય તો તે તૈયાર કરનારથી લઈને તેને માન્ય ગણનાર સુધીની ભૂમિકા તપાસવી જરૂરી બને છે.

કાયમી અધિકારીઓના અભાવે જવાબદારી કોની?

કાયમી અધિકારી નહીં તો જવાબદારી પણ નહીં, નો ખેલ શરૂ કરવામાં આવ્યો છે. મસમોટા કૌભાંડમાં કાયમી અધિકારીઓના અભાવને કારણે જવાબદારી નક્કી કરવામાં મુશ્કેલી પડતી હોવાની ચર્ચા છે. પરંતુ કરોડોની લોનની પ્રક્રિયામાં દરેક તબક્કે સહી અને મંજૂરી આપનારની જવાબદારી નક્કી થવી જરૂરી છે.

સ્થળ તપાસ થઈ હતી કે માત્ર કાગળ ચકાસાયા?

૧૫૦ મકાનોનું અસ્તિત્વ ચકાસવામાં આવ્યું હતું કે નહીં? જો સ્થળ પર જઈને ખરેખર તપાસ કરવામાં આવી હોત તો મકાનો અસ્તિત્વમાં છે કે નહીં તે સહેલાઈથી સ્પષ્ટ થઈ શકત. હવે તપાસનો મુખ્ય મુદ્દો જ આ સ્થળ તપાસની વિશ્વસનીયતા બન્યો છે.

કાગળ પર બાંધકામ, બેંકમાંથી કરોડોની લોન

દસ્તાવેજોની રમતથી ૩.૪૦૦ કરોડનું નાણાકીય જોખમ ખડું થયું છે. કાગળ પર મિલકત ઊભી કરી તેના આધારે મોર્ગેજ લોન મેળવાઈ હોય તો આ માત્ર પ્રમાણપત્રોની ગેરરીતિ નહીં, પરંતુ સમગ્ર લોન મંજૂરી પ્રક્રિયા સામે ગંભીર પ્રશ્નો ઊભા કરતો મામલો બની શકે છે.

ઇજનેરથી લઈને મંજૂરી આપનાર સુધી તપાસની જરૂર

સર્વે કરનાર, પ્રમાણપત્ર તૈયાર કરનાર, રિપોર્ટ મંજૂર કરનાર અને મોર્ગેજ માટે પ્રક્રિયા આગળ ધપાવનાર ઇજનેરથી લઈને મંજૂરી આપનાર સુધી તમામની ભૂમિકા તપાસવામાં આવે તો જ કથિત કૌભાંડનું સાચું ચિત્ર બહાર આવી શકે.

કાગળ પર ૧૫૦ મકાનો ઊભા કરી મસમોટી લોન મેળવ્યાનો આક્ષેપ : હાઇકોર્ટે તપાસ પૂર્ણ કરીને રિપોર્ટ આપવા આદેશ કરતા હડકંપ : ચારથી પાંચ મકાનો બનાવ્યા હોવાનો સનસનીખેજ આરોપ થયો

લોક ભાસ્કર ન્યુઝ, ગાંધીધામ : કાગળ પર મકાનો ઊભા કરી, બોગસ કમ્પ્લિશન પ્રમાણપત્રોના આધારે મોર્ગેજ લોન મેળવવાના કથિત મસમોટા કૌભાંડનો મામલો સામે આવ્યો છે. આશરે ૧૫૦ મકાનો માટે ઇજનેરો દ્વારા સર્વે કરી રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો, ત્યારબાદ ડીપીએમાં પણ સકારાત્મક નિર્ણય લેવાયો અને મોર્ગેજ માટે રિપોર્ટ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. જેને પગલે હાઇકોર્ટમાં ફરિયાદ કરવામાં આવી હતી. કોર્ટે આ બાબતોને ગંભીરતાથી લઈને તપાસના આદેશ આપતા હડકંપ મચી ગયો છે. ચોંકાવનારી બાબત એ છે કે જે મકાનોના પ્રમાણપત્રો અને દસ્તાવેજોના આધારે લોન મેળવવામાં આવી હતી, તે પૈકી વાસ્તવમાં મકાનોનું અસ્તિત્વ જ ન હોવાનું સામે આવ્યું છે.

આમ, કાગળ પર મિલકત ઊભી કરી આશરે ૩.૪૦૦ કરોડની લોન મેળવી લેવાઈ હોવાના આક્ષેપોથી સમગ્ર પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

કથિત કૌભાંડમાં બોગસ કમ્પ્લિશન સર્ટિફિકેટ, સર્વે રિપોર્ટ અને મોર્ગેજ પ્રક્રિયામાં અનેક તબક્કે ચકાસણી કરવામાં આવી કે નહીં તે તપાસનો વિષય બન્યો છે. ખાસ કરીને સ્થળ પર મકાનનું અસ્તિત્વ ન હોવા છતાં પ્રમાણપત્રો કેવી રીતે તૈયાર થયા અને રિપોર્ટને મંજૂરી કેવી રીતે મળી તે અંગે જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી રહી છે. કાયમી અધિકારીઓના અભાવે નિર્ણય પ્રક્રિયામાં જવાબદારી નક્કી કરવામાં મુશ્કેલી ઊભી થતી હોવાની ચર્ચા વચ્ચે હવે સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ થાય અને જે-જે તબક્કે બેદરકારી કે ગેરરીતિ થઈ હોય તેની જવાબદારી નક્કી થાય તેવી માંગ ઉઠી છે.

Printed, Published and Ownered by GONDALIYA VARSHABEN JAYSUKHBHAI and Printed at Nirmanl Gujarat Offset, 1 Thakkarbapa Ahram, Behind Railway Station Road, Naroda Ahmedabad-380 021 and Published at H.O. : B-5, Jyotidham Residential, Singarva, Ahmedabad-382430. Editor : Gondaliya Poojaben Jayshukhbhai (As per PRB Act) M-9904487666